## કોરોનાની ત્રીજી લહેર પહેલાં સરકાર એક્શનમાં

# રાજ્યમાં આરટીપીસીઆર ટેસ્ટનો ચાર્જ ઘટાડીને ૪૦૦ કરાયો

### ખાનગી લેબ દ્વારા રૂપિયા ૭૦૦ વસૂલાય છે, ઘરેથી સેમ્પલ કલેક્ટ કરવાનું હોય તો ચાર્જ ૫૫૦ નક્કી કરાયો

ગાંધીનગર, તા.૨૮

કોરોનાની સંભવિત ત્રીજી લહેર પહેલા ગુજરાત સરકારે આરટીપીસીઆર ટેસ્ટના દરમાં ઘટાડો કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે આજે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ખાનગી લેબમાં આ ટેસ્ટનો ચાર્જ હવેથી ૪૦૦ રુપિયા રહેશે. હાલ આરટીપીસીઆર ટેસ્ટના ખાનગી લેબ દ્વારા ૭૦૦ રુપિયા વસૂલવામાં આવે છે, જેમાં ગુજરાત સરકારે ૩૦૦ રુપિયાનો ઘટાડો જાહેર કર્યો છે.

જો દર્દી હોસ્પિટલમાં હોય કે દર્દીના ઘરેથી સેમ્પલ કલેક્ટ કરવાનું હોય તો તેનો ચાર્જ ૯૦૦ રુપિયાથી ઘટાડીને ૫૫૦ રુપિયા નક્કી કરાયો છે. જ્યારે, સરકારી હોસ્પિટલોમાં આ ટેસ્ટ નિશુલ્ક ઉપલબ્ધ છે. વિદેશથી આવતા કે જતા કોઈપણ પેસેન્જર જો એરપોર્ટ પર ટેસ્ટ કરાવવા માગતા હોય તો તેમને તેના માટે ૨૭૦૦ રુપિયા ચૂકવવાના રહેશે. . ઉલ્લેખનીય છે કે, કોરોના નવો-નવો આવ્યો ત્યારે આ ટેસ્ટના ૪૫૦૦ રુપિયા લેવામાં આવતા હતા.

ના. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કોરોનાનું નિદાન કરવા માટે સિટી સ્કેન પણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. અત્યારસુધી સિટી સ્કેન માટે ૩,૦૦૦ રુપિયા વસૂલવામાં આવતા હતા. જેમાં ૫૦૦ રુપિયાનો ઘટાડો કરીને ૨૫૦૦ રુપિયાનો દર નક્કી કરવામાં આવ્યો છે. જે પણ સરકારી હોસ્પિટલમાં આ મશીન ઉપલબ્ધ છે, ત્યાં નિઃશુલ્ક સિટી સ્કેન કરી આપવામાં આવશે. આ ઉપરાંત, અલગ-અલગ જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલો માટે નવા ૧૭ સિટી સ્કેન મશીન વસાવવામાં આવશે તેમ પણ નીતિન પટેલે જણાવ્યું હતું. જેમાં આણંદ, બોટાદ, ડાંગ, છોટા ઉદેપુર, ભરુચ, ગોધરા, જામખંભાળિયા, લુણાવાડા, મહેસાણા, રાજપીપપળા, સુરેન્દ્રનગર, નવસારી, સુરેન્દ્રનગર, વેરાવળ, વ્યારા, પેટલાદની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, રાજકોટની હોસ્પિટલ અને વડોદરાની જમનાબાઈ હોસ્પિટલમાં સિટી સ્કેન મશીન વસાવાશે. જેના માટે ૮૨.૫૦ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત, સોલા, ગાંધીનગર અને ગોત્રી મેડિકલ કોલેજમાં એમઆરઆઈ મશીનની ખરીદી માટે પણ મંજૂરી અપાઈ છે.

# ગિફ્ટ સિટીમાં ૧૨.૨૬ લાખ ચોરસ ફુટ જગ્યા ત્રણ ખાનગી કંપનીઓને ડેવલપ કરવા ફાળવાઈ

### ગાંધીનગરના કાવ્યરત્ન ગ્રુપને ૫ લાખ સ્કે. ફીટ જગ્યા વિકાસ માટે ફાળવવામાં આવી : આ કંપનીઓ અહીં હાઉસીંગ સ્કીમ ઉભી કરશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની એક આગવી ઓળખ બની ગયેલી ગીફ્ટસીટીમાં વધુ ત્રણ ખાનગી કંપનીઓને હાઉસીંગ પ્રોજેક્ટ માટે ૧૨.૨૬ લાખ સ્કે. ફૂટ જગ્યા ફાળવવામાં આવી છે. આ ત્રણ કંપનીઓમાં ગાંધીનગર કંપની કાવ્યરત્ન ગ્રુપ સામેલ છે.

ગાંધીનગર શહેરની નજીક સાબરમતી નદીના કિનારે ગીફ્ટસીટી ડેવલપ કરવામાં આવી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ર સમાન ગીફ્ટસીટીનો પ્રારંભ થઈ ગયો છે. અનેક ખાનગી અને સરકારી કંપનીઓ અહી શરૂ થઈ ચૂકી છે. કંપનીઓએ અહીં પોતાનું કામકાજ શરૂ કરી દીધુ છે તે સાથે જ અહીં રેસીડેન્સીયલ જગ્યા વિકસાવવામાં શરૂ કરવામાં આવ્યુ છે. રેસીડેન્સીયલ સ્પેસના વિકાસ માટે ગીફ્ટસીટીમાં વિવિધ કંપનીઓને જગ્યા ફાળવવાનુ નક્કી



કરવામાં આવ્યુ છે. અગાઉ ત્રણ કંપનીઓને રેસીડેન્સીયલ સ્પેસના વિકાસ માટે જગ્યા ફાળવવામાં આવી હતી વધુ ત્રણ કંપનીઓને જગ્યા ફાળવવામાં આવતા કુલ ૩૩ લાખ સ્કવેર ફૂટ જગ્યાનો રેસીડેન્સીયલ સ્પેસ તરીકે વિકાસ કરવામાં આવશે.

તાજેતરમાં જે કંપનીઓને જગ્યા ફાળવવામાં આવી છે તેમાં નીલા સ્પેસ લીમીટેડ સામેલ છે. આ કંપનીને સૌથી વધુ ૫.૪ લાખ સ્કવેર ફૂટની જગ્યા ફાળવવામાં આવી છે.

ગાંધીનગર સ્થિત કાવ્યરત્ન ગ્રુપ પણ અહીં જગ્યા મેળવવામાં સફળ થયુ છે. ગીફ્ટ કેમ્પસમાં તેને ૫ લાખ સ્કવેર ફૂટની જગ્યા ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ૨.૨ લાખ સ્કે.ફૂટ જેટલી જગ્યા અમદાવાદ સ્થિત કંપની સેવી ગ્રુપને ફાળવવામાં આવી છે. આ કંપનીએ અગાઉ ગીફ્ટસીટીમાં કોમર્શિયલ ટાવરનો વિકાસ કર્યો હતો. છ જેટલી કંપનીઓને અહીં વિશાળ જગ્યા ફાળવવામાં આવતાં ટૂંક સમયમાં અહીં સ્માર્ટ હોમનું નિર્માણ શરૂ કરાશે.

ગીફ્ટસીટીને એક આખા શહેર તરીકે વિકસાવવાનુ આયોજન છે. અહી ઝડપથી નિર્માણ કાર્ય શરૂ થાય તે માટે કેટલાક નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ખાનગી કંપનીઓને જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં ૩૦૦૦ થી ૩૫૦૦ જેટલા ઘરોનું નિર્માણ કરવામાં આવશે.



કોરોનાની બીજી લહેર શાંત પડતાં સરકારી કચેરીઓ ધમધમવા માંડી છે. ખાસ કરીને કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરીઓમાં અરજદારોની ભારે ભીડ જોવા મળે છે. ૭/૧૨ના ઉતારા, દસ્તાવેજ નોંધણી, આવકના દાખલા, જાતિના દાખલા કઢાવવા આવનારાઓની અહીં લાંબી કતારો જોવા મળે છે. સવારથી માંડી સાંજ સુધી અરજદારોની અવરજવરથી કચેરીઓ ધમધમી રહી છે.

# સેકટરોના રીંગ રોડ ફોરટ્રેક બનતાં ટ્રાફિકની અવરજવર સરળ બનશે

### સે-૧૧માં કોર્મશિયલ વિસ્તારના સાંકડા માર્ગનું પણ વાઇડનીંગ હાથ ધરાયું

ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધી રહી છે. સેકટરોના રીંગ રોડ તેમજ એપ્રોચ માર્ગ પર ટ્રાફિક વધતા આ માર્ગોને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. હાલ સે-૧૧ના કોર્મશિયલ વિસ્તારમા પણ સાંકડા માર્ગનુ વાઈડનીંગ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આગામી દિવસોમાં બાકી રહેતા માર્ગોને પણ ફોરટ્રેક બનાવાશે.

શહેરમાં મુખ્યામાર્ગો સિકસલેન બની ગયા છે. ખ માર્ગ બાદ હાલ ગ માર્ગનુ પણ કામ ચાલી રહ્યુ છે. જો કે ગ માર્ગને સિકસલેન બનાવાની યોજના મંદ ગતિએ ચાલે છે. ત્યારે શહેરમાં વધતા ટ્રાફિકને અનુલક્ષી સેકટરોના રીંગ રોડને પણ ફોરટ્રેક કરવા માટે કોર્પોરેશન દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ સે-૧૧ સે-૨૨,સે-૭ તેમજ સે-૨૧ માં રીંગ રોડને ફોરલેન બનાવવા માટે કાર્યયોજના આખરી થઈ છે. સે-૧૧ ના કોર્મશિયલ વિસ્તારમાં પણ સાંકડા માર્ગને પહોળો કરવા કામ ચાલી રહ્યુ છે. અંદાજિત ૧.૫ કી મી ના આ માર્ગને વાઈડનીંગ કરવામાં આવશે. આમ પણ આ માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કોર્મશિયલ વિસ્તારમાં મુલાકાતીઓની અવરજવર વધતા ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. તેવી રીતે જ સેકટરોમાં પણ રીંગ રોડ પર વાહનોની અવરજવર વધતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ આ માર્ગો પહોળા કરવા અનિવાર્ય છે. રીંગ રોડ પર વધતા ટ્રાફિકના લીધે અનેકવાર નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી સેકટરટોમાં રીંગ રોડને ફોરલેન બનાવવા માટે આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી સે-૧૧ માં પણ સાંકડા માર્ગનુ વાઈડનીંગ કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં બાકી રહેતા સેકટરોમાં પણ તબક્કાવાર સેકટરાના એપ્રોચ માર્ગને પહોળા કરાશે.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સંયુક્ત ઉપક્રમે ઑનલાઈન “Physical Literacy” વિષયે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ફીટ ઈન્ડિયાના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. આ બંને યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૨૭મી જુલાઈ-૨૦૨૧ના રોજ બપોરે ૩ થી ૪.૩૦ દરમ્યાન ફિઝિકલ લિટ્રેસી( શારીરિક સાક્ષરતા) વિષય ઉપર નેશનલ વેબિનાર યોજાયો હતો. વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કૃણાલ પંચાલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ સાહેબે Physical Literacy (શારીરિક સાક્ષરતા) એટલે શરીર જ નહીં પરંતુ પંચમહાભૂત શરીર, મન, પ્રાણ, બુદ્ધિ, અને આત્માનું સરક્ષણ બળ એટલે શારીરિક સાક્ષરતા, આપણું શરીર કોઈ પણ સારું કાર્ય કરવા સક્ષમ બને તેવી ટેવો નાનપણથી જ બાળકોમાં વિકસાવવી જોઈએ તેવું માર્ગદર્શન આપ્યું હતું. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાએ Physical Literacyનું મહત્ત્વ શું છે ? બાળકના જીવનમાં તેનું મહત્ત્વ શું છે ? તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

અમિત મલિકે Physical Literacy (શારીરિક સાક્ષરતા)ને દરેક નાગરિક-બાળક પોતાના જીવન દરમ્યાન શારીરિક પ્રવૃત્તિઓને જીવનભર એક્ટિવ રહેવાવાળા બાળકો કેટલા ? શરીરનું દરેક અંગ મહત્ત્વનું છે તે જીવનભર સક્ષમ રહે અને રાષ્ટ્રના વિકાસમાં આપણું શરીર ઉપયોગી થાય તથા જે તે રાજ્યમાં એમના કલ્ચર પ્રમાણે બાળકોને પ્રવૃત્તિ કરાવવી જોઈએ. બાળકને મજા આવે તે રીતે પ્રવૃત્તિ કરાવવી જોઈએ, હઠાગ્રહથી નહીં આગ્રહથી પ્રવૃત્તિ કરાવવી જોઈએ. બાળકની સાયકોલોજી શું છે ? વેલ્યૂઝ શું છે ? એમનો ગોલ જીવનભર એક્ટિવ રહેવાનો હોવો જોઈએ, અમિતજીનું વકતવ્ય “સ્પોર્ટ્સ ફોર ઓલ” થીમ આધારિત હતું. આ કાર્યક્રમના સંયોજક ડૉ. શિલ્પા વાળા હતા.

## ‘સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર-૨૦૨૧’ માટે ૧૫ ઓગસ્ટ-૨૦૨૧ સુધી અરજી કરી શકાશે

ભારતની એકતા અને અખંડતામાં શ્રેષ્ઠ યોગદાન આપવાના ક્ષેત્રમાં સર્વોચ્ચ નાગરિક સન્માન, સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા ચાલી રહી છે અને અરજી કરવાની છેલ્લી તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ છે. ભારતના નાગરિકો/સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન પુરૂ પાડવા તથા તેમના નોંધપાત્ર યોગદાનને સન્માનવા માટે આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે. તા. ૩૧ ઓકટોબર ૨૦૨૧ના રોજ ‘સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર-૨૦૨૧’ એનાયત કરવામાં આવનાર છે. પાત્રતા ધરાવતા વ્યક્તિ/ સંસ્થા/ સંગઠન તેમના નામાંકન-ભલામણ માત્ર નિયત નમૂનામાં કેન્દ્રીય ગૃહમંત્રાલયની વેબસાઈટ ઓનલાઈન પોર્ટલ www.nationalunityawards.mha.gov.in પર કરી શકાશે. સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી પુરસ્કૃત કરવામાં આવતા આ પુરસ્કાર ખાસ અને પ્રેરણાદાયક વ્યક્તિઓની ઓળખ પ્રદાન કરે છે, જેથી રાષ્ટ્રીય એકતા અને અખંડતાને પ્રોત્સાહન આપી શકાય છે.

# છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૨૮ કેસ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં કોરોના હવે તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૨૮ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ તેનાથી બમણા એટલે કે ૩૯ દર્દીઓ સાજા થઈ ગયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૪,૪૫૨ દર્દીઓએ કોરોનાને માત આપી છે. તો કોરોનાથી સાજા થવાનાં દરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં૯૮.૭૫ટકા દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. તો બીજી તરફ રસીકરણનાં મોરચે પણ સરકાર લડી રહી છે. જો રાજ્યમાં રહેલા એક્ટિવ દર્દીઓની વાત કરીએ રાજ્યમાં કુલ ૨૭૪ એક્ટિવ દર્દીઓ છે. જે પૈકી ૦૫ લોકો વેન્ટીલેટર પર છે. ૨૬૯ લોકો સ્ટેબલ છે. ૮,૧૪,૪૫૨ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૧૦૦૭૬ લોકોનાં અત્યાર સુધીમાં કુલ કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. જો કે સારા સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત નિપજ્યું નથી. અમદાવાદમાં ૩, સુરતમાં ૮, વડોદરામાં ૪, દાહોદમાં ૨, ગાંધીનગરમાં ૨, પંચમહાલમાં ૨, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, જામનગર, નવસારી, મોરબી અને સાબરકાંઠામાં ૧-૧ કેસ નોંધાયા છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજમાં એમઆરઆઈ મશીન માટે મંજૂરી

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, કોરોનાની સાપ્રંત પરિસ્થિતિમાં રાજ્ય સરકારની અસરકારક કામગીરીના પરીણામે કોરોનાના કેસોમાં ઉત્તરોતર ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાની સંભવિત થર્ડ વેવ સંદર્ભે રાજ્ય સરકારે અગમચેતીના ભાગરૂપે એક્શન પ્લાન બનાવીને તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે રાજ્યની નવ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને જ્યાં સિવિલ હોસ્પિટલ નથી તેવી ૧૭ જિલ્લા કક્ષાની હોસ્પિટલો માટે રૂ.૮૨.૫૦ કરોડના ખર્ચે સિટી સ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. જીએમઈઆરએસ સંલગ્ન સીવીલ હોસ્પિટલ-સોલા, ગોત્રી હોસ્પિટલ-વડોદરા અને સીવીલ હોસ્પિટલ-ગાંધીનગર ખાતે પણ રૂ.૩૦ કરોડના ખર્ચે એમઆરઆઈ મશીનની સુવિધાઓ પુરી પાડવા માટે મંજૂરી આપવામાં આવી છે. આમ રૂ.૧૧૨.૫૦ કરોડના ખર્ચે ૨૯ મશીનો દ્વારા હોસ્પિટલોને અદ્યતન સુવિધાયુક્ત બનાવવાનો નિર્ણય કરેલ છે. તેમણે ઉમેર્યું કે, આરોગ્ય વિભાગ હસ્તકની આણંદ, આહવા-ડાંગ, બોટાદ, ભરૂચ, છોટાઉદેપુર, ગોધરા, જામખંભાળીયા, લુણાવાડા, મહેસાણા, નવસારી, રાજપીપળા, સુરેન્દ્રનગર, વેરાવળ વ્યારા જનરલ હોસ્પિટલ, એસએસ હોસ્પિટલ-પેટલાદ, પી.કે. હોસ્પિટલ-રાજકોટ અને જમનાબાઈ હોસ્પિટલ, વડોદરા ખાતે ૧-૧ CT SCAN મળી કુલ-૧૭ ૧૬ Slice સીટી સ્કેન મશીનો રૂ.૪૨.૫૦ કરોડના ખર્ચે ફાળવવામાં આવશે. સિવિલ હોસ્પિટલ અમદાવાદ, એસ.એસ. જી. હોસ્પિટલ વડોદરા, નવી સિવિલ હોસ્પિટલ સુરત, સર ટી. હોસ્પિટલ ભાવનગર, પીડીયુ હોસ્પિટલ રાજકોટ, જીજી હોસ્પિટલ જામનગર, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ગાંધીનગર, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ગોત્રી-વડોદરા તેમજ જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જુનાગઢ ખાતે ૧-૧ ૧૨૮ Slice CT SCAN મળી ૦૯ મશીનો ૪૫.૦૦ કરોડના ખર્ચે ફાળવવામાં આવશે.

## લાગણીનો મેળો ● પાના ૪થાનું ચાલુ...

વેદ કાલીન આશ્રમ એટલે જયાં ચૈતન્ય નિર્માણ થતું. આશ્રમમાંથી ‘જીવન’ મળતું. આશ્રમમાંથી જીવન દૃષ્ટિ આપવાવાળા, જીવનનો અર્થ સમજાવવાવાળા, ભાવ-વૃદ્ધિ કરાવવાવાળા લોકો ગામે ગામ જવા બહાર પડતા હોય તેને આશ્રમ કહેવાય. જયાંથી ચૈતન્ય, ઉત્સાહ, ભાવ અને

જીવન મળે તો તેને આશ્રમ કહેવાય.. આજે તો ધર્મશાળાને પણ આશ્રમ કહેવાય!

આઝાદી કાળે એક સાચા સંત હતા.... સ્વામી આનંદ... સાધુ કોને કહેવાય તે જાણવું - સમજવું હોય તો તેમના પુસ્તકો વાંચવા રહ્યા. બીજા એક સાધુ હતા કેદારનાથજી. એમનું ‘વિવેક અને સાધના’ પુસ્તક ધર્મનો મર્મ સમજાવી દેશે. યુગ ઋષિ વિનોબાજીનું ‘અધ્યાત્મ તત્ત્વસુધા’ પણ સાચો ધર્મ સમજાવશે. પૂજ્ય રવિશંકર મહારાજનું જીવન-કાર્ય સંતત્વની શોભા સમું હતું.

ધર્મ એટલે જેનું પાલન કરવાથી માનવ સમજ ટકે અને વિકસે તે. ‘વશુધૈવ કુટુંબકમ્’ ‘આખું વિશ્વ એક કુટુંબ છે.’ - આ ભાવના જ ધર્મ છે જે, માણસને માણસની નજીક લાવે છે... જોડે છે... ધર્મ અને ધાર્મિકતા સમગ્ર માનવજાતનું કલ્યાણ ઈચ્છે છે. પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી તો માનવજાતના કલ્યાણ માટે, સુખ માટે અવિશ્રાંતપણે કર્મયોગ કરનાર વૈજ્ઞાનિકોને ‘ઋષિ’ કહી વંદે છે!

વિજ્ઞાની એટલે સાધનસુદ્ધિમાં માનનારો, સતત માનવજાતનું કલ્યાણ વાંચ્છનાર, એની ઉપાસનાનું કોઈ ચોક્કસ સ્થળ પણ નથી, ચોઘડીયા, મુહૂર્તમાં અટવાતો નથી. દરેકમાં શંકા ને તર્ક તેની આદત છે. ભૂલ જણાય તો સુધારી લે. ભય-લાલચ નહીં સમજણથી આગળ વધે. અળખામણા થઈને પણ સ્વધર્મ પાળે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ ધાર્મિક હોય.

ખરેખર, આજના ખ્યાતિપ્રાપ્ત ‘ગોડમેન’ની સામે ધાર્મિક અંચળો કે બાહ્યાચારનો કોઈ લિબાસ ધારણ કર્યા વગર એક માત્ર માનવ કલ્યાણ માટે મથનારા વૈજ્ઞાનિકો જ સો ટચના ‘ધાર્મિક’ ગણાય...!!!

સ્પર્શમણિ :

ગુરુ એટલે ‘જ્ઞાનનું ગણિત’ તે શિષ્યને.... સદ્‌ગુણોના સરવાળા શીખવે અને દુર્ગુણોની બાદબાકી.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## પહેલું સુખ... ● પાના ૪થાનું ચાલુ...

વધારી આપે છે. આયુર્વેદનો મૂળ હેતુ જ સ્વસ્થના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાનો છે. એટલે જો ઈમ્યુનિટી વધારનારી અને શરીરનું ઓજસ વધારનારી ઔષધીઓનો નિયમીત ઉપયોગ કરવામાં આવે તો ડેંગ્યુ જેવી બિમારીઓને ભોગવવાનો વારો ન આવે.

પપૈયાના પાનની ડેંગ્યુ પરની અને ખાસ તો પ્લેટલેટ પરની અસર ખૂબ ચર્ચામાં છે. તેના સો ટકા રીઝલ્ટ તો નથી પણ તેને જરૂરથી અજમાવી શકાય. મોટા ભાગના કેસમાં એવું જોવા મળ્યુ છે કે પપૈયાના પાનનો રસ પીવાનો શરૂ કરૂ કે બે ત્રણ દીવસમાં જ પ્લેટલેટ ખૂબ ઝડપભેર વધવા લાગે છે. જો એક અઠવાડીયા સુધી પણ પ્લેટલેટની સંખ્યામાં કોઈ સુધારો ન જણાય તો માનવું કે પાનનો રસ લાગૂ પડયો નથી. આયુર્વેદની અને હવે તો એલોપેથીની ઘણીખરી ફાર્મસીઓ હાલ પપૈયાના પાનની ગોળીઓ બનાવે છે અને તે માર્કેટમાં સહેલાઈથી ઉપલબ્ધ છે.

આ ઉપરાંત અમુક એવા ઔષધો કે જે વ્યક્તિની ઈમ્યુનિટી વધારવા માટે ઉત્તમ છે તેનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી ચોક્કસ લાભ થાય. જેમકે ગળો, તુલસી, હળદર, પીપર, કડુ-કરિયાતું, લવિંગ, લસણ, મેથી, આમળા, લીમડો આદિનો વ્યક્તિની પ્રકૃતિ અને દોષ અનુસાર ઉપયોગ કરી શકાય. (ઈનફેક્ટ આ ઔષધોનો ૩૬૫ દિવસ વિવેકપૂર્વક ઉપયોગ કરીએ તો ડેંગ્યુ જેવી કેટલીય બિમારીઓથી બચી શકાય)

અગાઉ કહ્યુ તેમ સ્વાસ્થ્ય રક્ષણ એ આયુર્વેદનો મૂળભૂત સિધ્ધાંત છે. આપણે આપણા શરીરને એટલુ સક્ષમ બનાવીએ કે તેમા રોગો પ્રવેશી જ ન શકે. આ માટે આપણી પ્રકૃતિને અનુકૂળ હોય તેવા ઔષધોનું નિયમીત અને માત્રાપૂર્વકનું સેવન ખૂબ જરૂરી છે.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

## અકસ્માત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે અનેક લોકોને જિલ્લા હૉસ્પિટલ લઈ જતાં રસ્તામાં જ મોત થયા. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૮ લોકોનાં મોત થયા છે. અનેક લોકો ઘાયલ પણ થયા છે. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમે સ્થાનિક લોકોની મદદથી લાશોને હાઈવેથી હટાવી અને ઘાયલોને હૉસ્પિટલ મોકલ્યા. પ્રાઈવેટ ટ્રાવેલ્સની આ ડબલ ડેકર બસ હરિયાણાથી બિહાર જઈ રહી હતી. ત્યારે કલ્યાણી નદીની પાસે બસ ખરાબ થઈ ગઈ.મળતી જાણકારી મુજબ, એક્સેલ તૂટી જવાના કારણે બસ ખરાબ થઈ ગઈ હતી. ત્યારબાદ મુસાફરો બસમાંથી નીચે ઉતરીને નીચે, આગળ અને આસપાસ સૂઈ ગયા. આ દરમિયાન લખનઉ તરફથી આવી રહેલી ટ્રકે બસને જોરદાર ટક્કર મારી. તેના કારણે ઘટનાસ્થળે જ ૧૧ લોકોનાં મોત થઈ ગયા. દુર્ઘટના બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. દુર્ઘટના બાદ હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ. તેના કારણે લગભગ અનેક કિલોમીટર સુધી લાંબો જામ થઈ ગયો. દુર્ઘટનાના થોડા સમય બાદ જ વરસાદ પડવાનો શરૂ થઈ ગયો. બારાબંકી એસપી યમુના પ્રસાદ, એસડીએમ જિતેન્દ્ર કટિયાર અને સીઓ પંકજ સિંહના નેતૃત્વમાં વરસાદની વચ્ચે પોલીસે સ્થાનિકોની મદદથી લાશોને બહાર કાઢી અને ઘાયલોને હૉસ્પિટલ પહોંચાડ્યા.

## કોંગ્રેસમાં કકળાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટાયેલા એક માત્ર સદસ્ય છે અને તેમણે આજે રાજીનામુ આપતાં પક્ષમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જો કે કોંગ્રેસની નેતાગીરીએ આ મુદ્દે મૌન ધારણ કરી લીધુ છે પરંતુ આ મૌન કાર્યકર્તાઓને અકળાવી રહ્યુ છે. ગાંધીનગર મનપાની ચૂંટણી નજીકમાં છે ત્યારે બક્ષીપંચના આગેવાનના રાજીનામાને લઈ મામલો આગામી દિવસોમાં વધુ તીવ્રતા ધારણ કરશે તેમ મનાઈ રહ્યું છે.

## વધુ બે કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની ગયુ છે. શહેરમાં આજે મળી આવેલા આ બે કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને પાંચ થઈ છે.

શહેરમાં આજે સે. ૭ માંથી એક ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંદેસણમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં પાંચ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૧૨૦ થી વધુ લોકોને હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી અને એક્ટીવ કેસો જે સારવાર હેઠળ છે તેમાંથી કોઈને ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી.

જિલ્લામાં હાલ ૧૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫ અને ગાંધીનગર શહેરમાં પાંચ દર્દીઓ છે.

કોરોનાના કેસો દેખાતા શહેરમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## આકાશી નઝારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાદળો વરસ્યા વિના સુન્ન મુન્ન રહી જાય છે. રોજ બરોજ ૫ થી ૧૦ મી મી વરસાદ ચોમાસાની યાદ અપાવી જાય છે. હજુ સુધી શહેરમાં સિઝનનો ધમાકેદાર વરસાદ થયો નથી. જયારે આજે પણ દિવસ દરમિયાન માત્ર ૫ મી મી વરસાદ નોધાયો હતો. અત્યાર સુધી સિઝનનો મહત્તમ વરસાદ ૧૩૫ મી મી થયો છે. શહેરમાં સિઝનનો સાડા પાંચ ઈંચ વરસાદ જ થતા નગરજનો ભારે વરસાદની આશ સાથે ઢળતી સાંજ સુધી મેઘરાજાના ઓવારણા લેવા ઉત્સુક જોવા મળે છે. પરંતુ મેઘરાજા આ વખતે મંદ મિજાજ છોડવા તૈયાર નથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસતા ઝરમરિયા વરસાદથી નગરમાં ભીંજારાનો માહોલ જોવા મળે છે. જયારે વરસાદી વાયરાના લીધે શહેરમાં હીલ સ્ટેશન જેવો માહોલ જોવા મળે છે. વરસાદ નથી આવાતો તે ફરિયાદ હાલ સૌ નગરજનો માટે રોષનુ કારણ બની છે. બીજીતરફ નિખરતા વરસાદી માહોલ વચ્ચે સૌ કોઈ વાતાવરણની મજા માંણી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૫ થી ૯૦ ટકા નોંધાયુ હતુ.